હાથી પોલોની મેચ દરમિયાન, દરેક હાથી પર બે લોકો સવારી કરે છે. મહાવત આ હાથીઓનું સંચાલન કરે છે. ખેલાડીઓ ક્યારેય હાથીઓને પોતાની રીતે ચલાવતા નથી. તેના બદલે મહાવતને દિશાઓ આપે છે અને બોલને ફટકારે છે.

હાથી પોલોનું મુખ્ય મથક નેપાળના ટાઈગર ટોપ્સમાં આવેલું છે. શ્રીલંકામાં હજુ પણ ગાલેમાં સિલોન એલિફન્ટ પોલો એસોસિએશનના નેજા હેઠળ હાથી પોલોની વાર્ષિક ટુર્નામેન્ટ યોજાય છે. કમનસીબે ૨૦૦૭માં એક હાથી ક્રોધાવેશ પર આવી ગયો અને બે ખેલાડીઓ ઘાયલ થયા હતા અને સ્પેનિશ ટીમની મિની બસ નાશ પામી હતી.

પોલો રમતમાંથી રૂપાંતર પામી અન્ય પ્રચલિત રમત પ્રકારો પણ છે. (૧) ઘોડાને બદલે સાઈકલ પર બેસી રમાતી સાઈકલ-પોલો રમત (૨) તરણકુંડમાં તરતાં તરતાં રમાતી વૉટર-પોલો રમત (૩) પાણીમાં હોડકામાં બેસી રમાતી કેનો-પોલો રમત. ✥✥✥

## મલાડમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન

મલાડમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન **તા. ૦૮-૦૧-૨૦૨૩ના રવિવાર**ના રોજ **સાંજે ૬.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે. તો મલાડમાં વસતા સર્વે બાલાસિનોરવાસીઓએ ટાઈમસર પધારવા વિનંતી છે.

**સ્થળ :**

**નડીયાદવાલા હોલ, પોદાર રોડ, મલાડ (ઈ), મુંબઈ-૯૭**

**લિ. મલાડમાં વસતા બાલાસિનોરવાસીઓ**

## કુંભલગઢ રાજસ્થાનનો પ્રસિદ્ધ કિલ્લો


✍ **નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

કુંભલગઢ કિલ્લો ભારત દેશના પશ્ચિમ ભાગમાં રાજસ્થાન રાજ્યના રાજસમંદ જિલ્લામાં આવેલો છે. રાજસ્થાનનો અર્થ 'રાજાઓનું કે રાજપૂતોનું માદરે વતન' એવો કરી શકાય. આ પ્રદેશનો ઈતિહાસ શૌર્ય, શીલ, ક્ષમા, સ્વાર્પણ, ઉદારતા, સદ્‌ગુણો ધરાવતાં વીરો અને વીરાંગનાઓથી ઉજ્જવળ બનેલો પ્રદેશ કહેવાય છે. આમ તેની આગવી સાંસ્કૃતિક પરંપરાઓથી આ રાજ્યની ઓળખ તદ્દન નિરાળી છે.

કુંભલગઢની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય ઓક્ટોબરથી માર્ચનો છે, જ્યારે હવામાન ઠંડુ અને આનંદદાયક હોય છે. કુંભલગઢ રાજસ્થાનના ઉદયપુરની વાયવ્યે ૮૦ કિ.મી. દૂર અરવલ્લીની ટેકરીઓમાં આવેલો છે. તેના વ્યૂહાત્મક સ્થાનને લીધે રાજસ્થાનના કિલ્લાઓમાં તે બીજા ક્રમે આવે છે.

દુનિયામાં વોલ ઓફ ચાઈના પછીની બીજા નંબરની સૌથી લાંબી દિવાલમાં તેની ગણના થાય છે. જે ૩૬ કિલોમીટર લાંબી દિવાલ છે. ચંદ્રની ધરતી પરથી વૉલ ઓફ ચાઈનાની જેમ આ દિવાલ પણ દેખાય છે.

રાણા કુંભાએ ૧૪૪૩-૧૪૫૮ દરમ્યાન બંધાવ્યો હતો. માળવા અને ગુજરાતના સુલતાનોએ તેને જીતવા અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેની દુર્ગમ રચના અને વ્યૂહાત્મક સ્થાનને કારણે અજય રહ્યો હતો. કિલ્લામાં અનેક મંદિરો, મહેલો, વાવ, છતરડીઓ આવેલાં છે. દક્ષિણમાં આવેલા અરેત પોળના દરવાજામાંથી કિલ્લામાં પ્રવેશી શકાય છે. બાદ હલ્લા પોળ, હનુમાન પોળ, રામ પોળ અને વિજય પોળમાંથી પસાર થવાય છે. હનુમાન પોળ દરવાજામાં પધરાવેલી હનુમાનજીની પ્રતિમા રાણા કુંભા માંડવપુરમાંથી લાવ્યા હતા. ભૈરો પોળ, નીમ્બુ પોળ અને પાન્ધ્રા પોળ એ ત્રણ દરવાજામાં થઈને મહેલોના પરિસરમાં જવાય છે. પૂર્વમાં એક અન્ય દરવાજો દાણીબત્તા આવેલો છે, જે મેવાડને મારવાડ સાથે જોડે છે. મહેલોના રસ્તે આવેલું ગણેશ મંદિર મહારાણા કુંભાએ બંધાવ્યું હતું. ચિત્તોડ ગઢના કિર્તી સ્તંભના એક શિલાલેખમાં આ બાબતનો ઉલ્લેખ જોવા મળે છે.



કિલ્લાનું બાંધકામ પૂર્ણ થઈ ગયા બાદ રાણા કુંભાએ ૧૪૫૭માં વિધિ કરવા માટે વેદી મંદિર બંધાવ્યું હતું. ઊંચી પીઠિકા પર આવેલું પૂર્વાભિમુખ આ મંદિર બે મજલાનું છે. તેનો પ્લાન અષ્ટકોણીય છે. ૩૬ સ્તંભો મંદિરની ઘુમ્મટાકાર છતને ટેકવે છે. આ મંદિરની પૂર્વમાં આવેલું એક દેવી-મંદિર ત્રણ ગર્ભગૃહો ધરાવે છે. નીલકંઠ મહાદેવનું મંદિર ૧૪૫૮માં બંધાયું હતું. તેના ગર્ભગૃહને ચારે દિશાએ ચાર પ્રવેશદ્વાર છે, તેથી આ મંદિર સર્વતોભદ્ર પ્રકારનું છે. તેના એક સ્તંભ પરના શિલાલેખ પ્રમાણે રાણા સંગે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પાર્શ્વનાથનું મંદિર નરસિંહે પોખડે વિ.સં.

૧૫૦૮માં બંધાવ્યું હતું. બાવન દેરી જિનાલયમાં મુખ્ય મંદિરને ફરતી બાવન દેવકુલિકાઓ હોવાથી તેને આવું નામ મળ્યું છે. આનાથી થોડે દૂર ગોલેરાવ મંદિરનો સમૂહ આવેલો છે. ત્યાં ૯ મંદિર આવેલાં છે. આ મંદિરના સમૂહને ફરતો કોટ છે. મંદિરની પીઠનું સ્થાપત્ય જોતાં આ મંદિરો રાણા કુંભાએ બંધાવ્યાં હોવાનું મનાય છે. મામદેવ કે કુંભ-શ્યામના મંદિરના ગર્ભગૃહ અને સભામંડપની છત સપાટ છે. મંદિરમાંના શિલાલેખમાં કુંભલગઢનો ઈતિહાસ વિગતે આપેલો છે. પિત્તળિયા દેવ મંદિર જૈન શેઠ પિત્તળિયાએ વિ.સં. ૧૫૧૨માં બંધાવ્યું હતું. પૂર્વાભિમુખ આ મંદિરના ગર્ભગૃહની ચારે દિશાએ ચાર પ્રવેશદ્વાર છે. સભા મંડપની ત્રણ બાજુએ પ્રવેશ ચોકીઓ છે. રાણા કુંભાનો મહેલ પગદા પોળની નજીક આવેલો છે. આ ઈમારત બે માળની છે.

ઝલિયા કમાલિયા અથવા રાણી ઝાલીના મહેલ નામની ઈમારત મહારાણા પ્રતાપનું જન્મસ્થળ હોવાનું મનાય છે. કિલ્લાની સૌથી ઊંચાઈએ બાદલ મહેલ આવેલો છે. તેનું બાંધકામ રાણા ફતેહસિંહે ૧૮૮૫-૧૯૩૦માં કરાવ્યું હતું. બે મજલાની આ ઈમારત બે જુદા વિભાગમાં વિભક્ત છે. જનાના મહેલ અને મર્દાના મહેલ. મહેલની ભીંતો સુંદર ચિત્રકામથી અલંકૃત છે. જનાના મહેલમાં પથ્થરનું સુંદર જાળીકામ છે. જાળીઓમાંથી રાણીઓ દરબારની કાર્યવાહી અને અન્ય પ્રસંગો જોઈ શકતી હતી.

આ કિલ્લાની અંદર આશરે ૩૬૦ જેટલા મંદિરો (જેમાં ૩૦૦ જેટલા જૈન મંદિર) આવેલા છે. બાગ બગીચા અને પાણી પૂરવઠાની વ્યવસ્થા છે. રાજસ્થાન રાજ્યના રાજસ્થાન પ્રવાસન વિભાગ તરફથી ધ્વનિ અને પ્રકાશ કાર્યક્રમ (લાઈટ એન્ડ સાઉન્ડ શૉ) તૈયાર કરવામાં આવ્યો છે, જેનો આવનાર પ્રવાસી લાભ લઈ શકે છે.




# એલિફંટા

✍ **નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**

હું નાની હતી ત્યારે એલિફંટા મમ્મી, પપ્પા, ભાઈ અને માસીના ફેમિલી સાથે તેમજ અનેકવાર મિત્રો સાથે આવેલી. આ લખતા મારી યાદો તાજી થઈ ગઈ એમ તમારી પણ યાદો જરૂર તાજી થઈ જશે.

મુંબઈથી ૧૦ કિ.મી. ના અંતરે અરબી સમુદ્રમાં એક ટાપુ આવેલો છે. જ્યાં એલિફંટાની ગુફાઓ આવેલી છે. પોતાની કલાત્મકતાને લીધે આ ગુફા વિશ્વભરમાં પ્રસિદ્ધ છે અને યુનેસ્કોમાં એની ગણના થાય છે. એલિફંટામાં કુલ સાત ગુફાઓ છે. મુખ્ય ગુફામાં ૨૬ સ્તંભ છે જેના પર શિવ ભગવાનને વિવિધ રૂપોમાં જોવા મળે છે. અહીં હિન્દુ ધર્મના ઘણા દેવી-દેવતાઓની મૂર્તિ પણ બિરાજમાન છે. ત્યાં પહોંચવા મોટર બોટમાં કે લૉન્ચમાં બેસી જઈ શકાય છે. રાજબંદર પર ઉતર્યા બાદ થોડું ચાલીને લગભગ ૧૨૦ જેટલાં પગથિયા ચઢી ગુફા સુધી પહોંચાય છે. અંદર જવા માટે ટિકીટ ખરીદવી પડે છે. અંદર જતાં સરકારી ગાઈડ પણ મળી રહે છે. જે ગુફામાંની મૂર્તિઓનો પરિચય આપતા હોય છે. તેમજ ગુફાનો ઈતિહાસ જણાવતાં હોય છે.



પ્રાચીનમાં એલિફંટાને ધારાપુરી દ્વિપ તરીકે ઓળખવામાં આવતો હતો. ધારા એટલે કિલ્લાની દિવાલ અને પુરી એટલે નગરી એટલે કિલ્લેબંદીથી સુરક્ષિત નગર. ૧૧મી સદીના એક તામ્રપત્ર પર આ નગરનો ઉલ્લેખ 'શ્રી પુરી' ના નામે હતો. ખરેખર એ દિવસોમાં આ નગરી ખૂબ જ સમૃદ્ધ હોવી જોઈએ.

ઈ.સ. ૧૫૩૪માં પુર્તગાલી આ રાજબંદરે ઉતર્યાં હતા. તેમણે એ ગુફાની બહાર વિરાટ કદના હાથીનું શિલ્પ જોયું તેથી તેઓએ આ સ્થળનું નામ 'એલિફંટા કેવ્ઝ' આપ્યું. જો કે પાછળથી આ વિરાટ હાથીનું શિલ્પ મુંબઈના 'જીજામાતા ઉદ્યાન' ભાયખલ્લામાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. અહીં ચાણક્ય અને ગુપ્ત કાળની કળાનો અદ્ભૂત સમન્વય જોવા મળે છે.

એ દિવસોમાં હિંદુ ધર્મમાં બે સંપ્રદાય મુખ્ય હતા. શૈલ અને વૈષ્ણવ. એલિફંટાની ગુફામાં કંડારાયેલી શિવ, પાર્વતી તથા ગણોની પ્રચલિત કથાઓ પરથી એ સાબિત થાય છે કે અહીં શૈવ સંપ્રદાયનો પ્રભાવ હતો.

અહીં મુખ્ય ૪ ગુફાઓ છે. પ્રથમ ગુફાનો વિસ્તાર લગભગ ૧૩૦ ફૂટનો છે. ગુફામાં દાખલ થતાં જમણી બાજુએ નૃત્યુ મુદ્રામાં 'નટરાજ' સ્વરૂપમાં શિવજીની પ્રતિમા દ્રશ્યમાન થાય છે અને સાથે પરમ શાંતિનો અલૌકિક ભાવનો અનુભવ થાય છે.

ત્યારબાદ શિવમંદિર આવે છે. તેના ચાર દ્વાર છે અને ચારે દ્વાર પર દ્વારપાળની ૮ મૂર્તિઓ છે. મુખ્ય દ્વાર પૂર્વાભિમુખ છે. પૂર્વમાં અલંકારકૃત ઈંદ્રદેવ ઊભા છે. દક્ષિણમાં હાથમાં માનવની ખોપરી લઈ યમરાજા ઊભા છે. પશ્ચિમમાં વરુણદેવ છે અને ઉત્તરમાં કુબેરજી ઊભા

છે. દરેક દ્વારપાળ ખૂબ સુંદર રીતે કંડારાયેલા છે. મંદિરના મધ્યભાગમાં શિવલિંગ છે. મહાશિવરાત્રિએ અહીં મેળો ભરાય છે.

શિવમંદિરના પાછળ પશ્ચિમ ભાગમાં અંધકાસુરનો વધ કરતા શિવજીની મૂર્તિ છે. અહંકાર રૂપી અંધકારનો જ્ઞાનરૂપી તલવારથી વધ કરવામાં આવે છે.

ત્યારબાદ શિવ-પાર્વતી વિવાહના શિલ્પ જોવા મળે છે. શિવજીનો કલ્યાણકારી ચહેરો સાત્વિકભાવની અનુભૂતિ કરાવે છે. ત્યાં જળકુંડ છે અને શિવ મંદિર છે. અહીં ગંગાધર શિવજીની પ્રતિમા જોવા મળે છે. જે ભગીરથી ગંગાને શિવજી જટામાં ધારણ કરે છે. મહેશ મૂર્તિમાં શિવજી હાજર છે. આ મૂર્તિ ત્રિમૂર્તિ તરીકે પ્રચલિત છે. આ મૂર્તિ ભારતીય કળાની ચરમ સીમાએ છે. મધ્ય ચહેરો અત્યંત શાંત તત્પુરુષનો છે. સુવર્ણ મોતીથી આભૂષિત, માથે અલંકૃત મુકુટથી સુશોભિત મૂર્તી છે. ડાબી બાજુ રુદ્ર સ્વરૂપે શિવજીનું સંહારક સ્વરૂપ પ્રગટ થાય છે. જમણી બાજુએ ઈશ્વરીય ચહેરો પ્રગટ છે. શાંત સર્જન સ્વરૂપે છે.

અર્ધનારીશ્વર રૂપે શિવ-શક્તિની (શિવ-શિવા) ની પ્રતિમા જોવા મળે છે. શિવ-શિવાનું મિલન એટલે દિલ અને દેહનું ઐક્ય. સીતા રામનાં કે પછી રાધા કૃષ્ણનાં હૃદયમાં એકતા છે પરંતુ ઉમા મહેશ તો હૃદય અને દેહથી પણ એક થઈ ગયા હોવાથી અર્ધનારીનટેશ્વર બની ગયા.

શિવ પાર્વતી સોગઠાબાજી રમે છે તેવી મૂર્તિઓ પણ જોવા મળે છે. તેમ રાવણ કૈલાસને ખેંચવાનો પ્રયત્ન કરે છે તેવી પ્રતિમા જોવા મળે છે. મહાયોગી શિવજીની પ્રતિમા જોવા લાયક છે.

અંતમાં એલિફંટાની ગુફાઓ શિવધામ છે. મુંબઈમાં ગૅટવે ઓફ ઈંડિયાથી અને ભાઉચા ધક્કાથી દર કલાકે લૉન્ચ દ્વારા એલિફંટા જઈ શકાય છે. ચોમાસાના દિવસો છોડીને દરરોજ જઈ શકાય છે. ✥ ✥ ✥

## ભૂટાન અને સાઈકલ રેસ

✍ **તંત્રી મંડળ તરફથી**



ભુટાનમાં રાજા છે જે પર્વતો પર સાઈકલ દ્વારા ઉપર અને નીચે સવારી કરે છે. ઘણી વાર્તાઓની જેમ તમને આ એક પરીકથા જેવું લાગતું હશે, પણ હકીકત છે.

ભુટાનના ચોથા ડ્રક ડ્રેગન કિંગ, એક ઉત્સાહી સાયક્લિસ્ટ છે. જે ઘણીવાર રાજધાની શહેર, થિમ્ફુ રિંગ કરતી બેહદ પહાડીઓને પેડલ મારીને સાઈકલ પર જઈ શકે છે. બધા ભુટાનીઝ સાયકલ ચલાવવાના રાજાના આ જુસ્સા વિશે જાણે છે.


માટે જ છેલ્લા પાચં વર્ષથી લગભગ ભૂટાનમાં સાયકલ રેસની પ્રથા શરૂ થઈ છે. આ રેસને બીજા ડ્રેગન સાયકલ રેસનો પ્રવાસના નામે પણ ઓળખવામાં આવે છે. ડ્રેગન રેસનો પ્રવાસ મધ્ય ભૂટાનના બુમથાંગ જિલ્લાથી શરૂ થાય છે અને ૨૮૦૦ મીટરથી ૩૫૦૦ મીટરની ઊંચાઈ સુધીના ચાર પર્વતીય માર્ગો પર કુલ ૨૬૮ કિલોમીટરનું અંતર કાપીને રાજધાની થિમ્પુમાં સમાપ્ત થાય છે. દસથી પંદર કલાકની મુસાફરીમાં રેસર્સ ઊંચાઈમાં તીવ્ર વાતાવરણ ફેરફારનો અનુભવ કરી શકે છે, પાતળી પર્વતીય હવા સાથે આ રેસમાં ભાગ લેવો એ ઘણું કપરું કામ છે. તે વિશ્વની સૌથી મુશ્કેલ એક દિવસીય પર્વત સાઈકલ રેસમાંની એક રેસ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિશ્વભરમાંથી ઘણા લોકો આવે છે. જેમાંથી ઘણા રેસ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે. આ રેસ પૂર્ણ કરવા અથવા જીતવા માટે આ સ્પર્ધામાં દર વર્ષે ઘણા પુનરાવર્તિત સહભાગીઓ મળતા હોય છે. ✥ ✥ ✥

# અબ્બાસ વાસી – 'મરીઝ'

**પૂરક માહિતી – સતીષભાઈ વકીલ**

આપણે જેમને પ્રિય શાયર મરીઝ સાહેબ રૂપે ઓળખીએ છીએ અને જેમના શેરોના આપણા ઘાયલ છીએ એવા અબ્બાસ વાસી રૂપે ૨૨ ફેબ્રુઆરી ૧૯૧૭ના રોજ સુરતના દાઉદી વોહરા પરિવારના અબ્દુલ અલી વાસીના ઘરમાં જન્મ થયો હતો. ગુજરાતમાં તેમની ગઝલકાર રૂપે સર્વાધિક લોકપ્રિયતા ત્યારે પણ હતી અને આજે પણ છે. તેમણે લખેલી ઉમદા ગઝલોને કારણે તેમને ગુજરાતીના ગાલીબ તરીકે ઓળખવામાં આવે છે.

પિતા વ્યવસાયે શિક્ષક હતા. અબ્બાસે તેમની માતાની છત્રછાયા ખૂબ નાની ઉંમરમાં જ ગુમાવી હતી. તેમને બાળપણમાં શિક્ષણમાં રસ પડતો નહીં અને શાળાએ જવાને બદલે કહે છે કે તેઓ સુરત રેલ્વે સ્ટેશને આવતી જતી રેલગાડીઓના એન્જીન જોવામાં સમય પસાર કરતા. શિક્ષક પિતાથી શિક્ષણ પ્રત્યેની તેમની આ નિરસતા સહન ન થતા, તેમને મુંબઈ પૈસા કમાવા મોકલી દીધા હતા. માત્ર બે ધોરણ ભણેલા અબ્બાસે ત્યારે મુંબઈમાં રબર ફેક્ટરીમાં કામ કરવાથી શરૂઆત કરી હતી. તેમણે શાયરીની શરૂઆત ૧૪ વર્ષની ઉંમરે પોતાની મોટી બહેનની દીકરીના પ્રથમ જન્મદિન નિમિત્તે ગઝલ લખીને કરી હતી. તેમના મિત્ર અમિન આઝાદને તેઓ પોતાના ઉસ્તાદ ગણાવતા હતા. મુંબઈની રબરના બુટ બનાવતી ફેક્ટરી યુનિવર્સલ રબર વર્ક્સમાં અબ્બાસે નોકરીની શરૂઆત કરી હતી. જોકે, તેમણે વાંચનનો શોખ ન છોડયો, તેઓ ઓછું ભણેલા અને જીવનની કઠીન ફિલસુફીને સરળ ભાષામાં શેરમાં રજુ કરવાની તેમની ઈશ્વર દત્ત બક્ષિશ હતી. જેથી તેમના શેર આપણને શૈલેન્દ્ર કે ચાચા ગાલીબની યાદ અપાવે છે.



તેઓ પોતાની ટૂંકી આવકનો મોટો હિસ્સો ફક્ત પુસ્તકો પાછળ જ ખર્ચતા. આગળ જતા તેમણે 'વતન' અને 'માતૃભૂમિ' અખબારોમાં પત્રકાર તરીકે પણ કામ કર્યું અને આઝાન, ખુશ્બુ અને ઉમીદ જેવા સામયિકોનું પ્રકાશન કરવાનું પણ કામ કર્યું, પરંતુ આર્થિક ભીંસને કાણે તેમાં બરકત ન આવી. ૧૯૬૦માં દાઉદી વોરા કોમના મુખપત્ર 'ઈન્સાફ'નું તંત્રીપદ તેમણે સ્વીકાર્યું હતું. કોમ દ્વારા તેમને જાળવી લેવાનો આ સન્માનીય ઉપક્રમ ગણાય. છેક ૧૯૩૬માં આકાશવાણી મુંબઈ પરથી પ્રસારીત મુશાયરામાં મરીઝે ભાગ લીધો હતો. મુશાયરાઓમાં સુરતમાં તેમને સાંભળવાનું જેમને સૌભાગ્ય મળ્યું છે તેઓ તેમને કદી ભૂલી ન શકે ; બલ્કે, તેમણે તેમનો છેલ્લો મુશાયરો પણ સુરતમાં જ કર્યો હતો. ૧૯૭૧ અને ૧૯૮૧માં મુંબઈમાં બે જુદા જુદા પ્રસંગે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પણ એ તો નિમિત્ત, એમનું સન્માન તો તેમના શેર બાદ દરેક ભાવકના મનમાંથી ઉઠતી 'વાહ' છે. કપરી આર્થિક સ્થિતિથી તંગ થઈને ૧૬ વર્ષની ઉમંરથી જ આ શાયર દારૂની લતમાં ફસાયા હતા. પાછલા જીવનમાં કહે છે મરીઝ સાહેબ પોતાની ગઝલ પાંચ-દસ રૂપિયામાં દારૂ પીવા માટે વેંચતા હતા. પછી દારૂની અસરને કારણે મુશાયરાઓમાં બરાબર રજૂઆત પણ ન કરી શકતા.

અમારી આંખ સામે સુરતના શ્રોતાઓ સામે માઈક્રોફોનના સહારે જેમતેમ ઊભેલા મરીઝ સાહેબનું ચિત્ર આવે છે. તેમને એક-એક શેર પર શ્રોતાઓની દરિયાના મોજાંની જેમ દાદ મળતી હતી. તેઓ પોતાની જાણીતી ગઝલોના નવા શેર ઉમેરીને બોલતા અને મંચ પર બેઠેલા અન્ય શાયરો પણ તેમને ખુદાના અદ્ભૂત બંદા રૂપે ખૂબ માન આપતાં. તેઓ ખુદા કે પ્રભુને એક

સરખી રીતે ફરિયાદ કરી શકતા, જેમાં કડવાશ કરતાં ફિલસુફી વધુ ભરેલી લાગતી. તેમના શેરોમાં જે નૈસર્ગિક રમૂજ કે કટાક્ષ જોવા મળે છે, તે મિર્ઝા ગાલીબની યાદ અપાવે તેવાં છે. એમણે થોડીક નઝમો અને મોટી સંખ્યામાં ગઝલો લખી છે, જેમાંની અનેક બીજાઓને વહેંચેલી-વેચેલી એમ પણ કહેવાય છે. પરિણામે થોડીક જ એમના નામે ગ્રંથસ્થ છે. કહો કે મરીઝ સાહેબ વતી ખુદા ગઝલ લખતાં અને તેને તેઓ પ્રસાદની જેમ સૌને વહેંચતા. એમનો પ્રથમ ગઝલસંગ્રહ 'આગમન' (૧૯૭૫) અને બીજો 'નકશા' (મરણોત્તર, ૧૯૮૪) છે. આ ઉપરાંત અન્ય સાથે એમની રચનાઓ 'દિશા' (૧૯૮૦) માં સંપાદિત થયેલી છે.

'મરીઝ'ની ગઝલ એમની સ્વરૂપગત મર્યાદાઓને અતિક્રમી ઊંચી કવિતા સિદ્ધ કરી શકી છે. એમની ગઝલોમાં ઉત્તમ શેરોની સંખ્યા ઘણી છે. કેટલીક તો સાદ્યન્તસિદ્ધ ગઝલો છે. એમણે જીવન વિશે, પોતાની અવદશા વિશે, ભાંગી પડેલા પ્રેમની વ્યથા વિશે, મિત્રો વિશે અને પરવરદિગાર વિશે કલાત્મક અભિવ્યક્તિવાળા શેર આપ્યા છે. એમના શેરની વિશેષતા એ છે કે તે સાદી સરળ વાણીમાં માર્મિક વાત કહી જાય છે. એમાં કવિનો મર્મ કે ક્યારેક કટાક્ષ એવી રીતે ધ્વનિત થતો હોય છે કે તે સહસા પમાય નહીં. આમ, ઊંડાણ અને અસરકારકતાના ગુણોને કારણે કાવ્યરસિકો એમને ગાલિબ સાથે સરખાવવા પ્રેરાયા છે. તેઓ ગુજરાતી ગઝલક્ષેત્રે સાચી કવિતાના સર્જક છે. એ ઓછા આનંદની વાત છે કે બે ધોરણ ભણેલા આ શાયરની ગઝલો ગુજરાતના વિદ્યાર્થીઓની પેઢીઓ ભણાતી રહી, હાલ પણ મહારાષ્ટ્ર બોર્ડના પાઠ્ય પુસ્તકમાં તેમની ગઝલ ભણાવાય છે. સુરતના કવિશ્રી રઈશ મણિયારે 'મરીઝ : અસ્તિત્વ અને વ્યક્તિત્વ' પર સુંદર પુસ્તક કરીને કવિનું દસ્તાવેજીકરણ કર્યું છે. તો રમેશ પુરોહિતે 'મરીઝની ગઝલ' નું સંપાદન કર્યું છે. તો નિતીન વડગામાએ પણ 'ગઝલ સર્જક મરીઝ' પુસ્તક કર્યું છે.

૧૯૮૩ની ૧૩મી ઓક્ટોબરે ઘરની બહાર જ રસ્તો ઓળંગવા જતા પૂરપાટ દોડી આવતી રીક્ષાની અડફેટે આવતા તેમને ગંભીર ઈજા થઈ હતી. આ અકસ્માત જ તેમના મૃત્યુનું કારણ બન્યો.

૧૯ ઓક્ટોબરના રોજ તેમના મલ્ટીપલ ફ્રેક્ચરોની શસ્ત્રક્રિયા કરવામાં આવી, જે સફળ રહી હતી પરંતુ તુરંત જ તેમને હૃદયરોગનો હુમલો થયો જેમાં તેમનું અવસાન થયું હતું. મરીઝ સાહેબ કદી ભુલાશે નહીં. તેમણે જ શીખવ્યું છે,

**'જિંદગીના જામને પીવામાં કરો જલદી મરીઝ,**
**એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.'**

✿

બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.
માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી,
જીવનના દર્દની તો કોઈ સારવાર દે.
ચાહ્યું બીજું બધું તે ખુદાએ મને દીધું,
એ શું કે તારા માટે ફક્ત ઈન્તિઝાર દે.
આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,
સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે...
પીઠામાં મારું માન સતત હાજરીથી છે
મસ્જિદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે !
નવરાશ છે હવે જરા સરખામણી કરું.
કેવો હતો અસલ હું, મને એ ચિતાર દે.
તે બાદ માગં મારી બધીયે સ્વતંત્રતા,
પહેલાં જરાક તારી ઉપર ઈખ્તિયાર દે.

✿

ગઝલમાં સૌ વિચારો મારા દર્શાવી નથી શકતો;

ઘણું સમજું છું એવું જે હું સમજાવી નથી શકતો.
ન સ્પર્શી કોઈ અવગણના કદી પણ મારા ગૌરવને,
કે હું ઉપકાર છું એવો જે યાદ આવી નથી શકતો.
ગયો ને જાય છે દુ:ખનો સમય એક જ દિલાસા પર,
કે વીતેલો સમય પાછો કદી આવી નથી શકતો...
તમે આવ્યાં હતાં પાછા જવાને તો ભલે જાઓ,
તમે મારું જીવન છો તમને થોભાવી નથી શકતો.
તમે કાલે હતાં કેવાં અને આજે થયાં કેવાં,
તમારી સાથ પણ હું તમને સરખાવી નથી શકતો.
બહાનું કેમ શોધું હું 'મરીઝ' એના મિલન કાજે,
નિખાલસ છું હું તેથી વાત ઊપજાવી નથી શકતો.

✿

આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,
દે એક મહાન દર્દ અને પારાવાર દે.
સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે,
અમને નમાવવા હો તો ફૂલોનો ભાર દે.

દુનિયામાં કંઈકનો હું કરજદાર છું 'મરીઝ',
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.


✿

રહી ગઈ મુજ દોસ્તોની આબરૂ,
મેં મુસીબતમાં મદદ માંગી નહીં.
ફરીથી દોસ્તી કરવી નથી મગર પૂછું,
તમારી સાથે હતી મારી દોસ્તી કે નહિ.
હમદર્દ બની જાય, જરા સાથમાં આવે,
આ શું કે બધા દૂરથી રસ્તા જ બતાવે.
જઈને વતનમાં એટલું જોયું અમે 'મરીઝ',
મોટા બની ગયા છે બધા બાળપણના દોસ્ત

✿

આ મહોબ્બત છે કે છે એની દયા કહેતા નથી
એક મુદ્દત થઈ કે તેઓ હા કે ના કહેતા નથી
બે જણા દિલથી મળે તો એજ મજલીસ છે 'મરીઝ'
દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી!


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**
**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)
**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.
**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**
**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



# Dr. Rita Gandhi
Holistic Wings
**- Mind Body & Soul**

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***
- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***
**Mobile No. : +91 9987390705**
**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**

# જગદીશ ચંદ્ર બોઝ
## વાયરલેસ નેટવર્કના જન્મદાતા

**તંત્રી મંડળ તરફથી**

શું તમે જાણો છો કે આપણું વાયરલેસ કોમ્યુનિકેશન વિશ્વ ૧૯મી સદીના ભારતીય વૈજ્ઞાનિક જગદીશ ચંદ્ર બોઝના સંશોધન પર આધારિત છે ? એટલું જ નહીં, તેમની ઘણી શોધો અને સંશોધન સિદ્ધાંતો માટે આજે પણ તેમને યાદ કરવામાં આવે છે.

આ લોકપ્રિય વૈજ્ઞાનિકનું બીજું અનોખું પાસું પણ હતું. બોઝ ભારતના પ્રથમ વિજ્ઞાન સાહિત્ય લેખક હતા. તેમણે ઘણી વાર્તાઓ લખી હતી જેણે ભાવિ પેઢીને વિજ્ઞાન તરફ પ્રેરિત કરી. તેથી બોઝને બંગાળી વિજ્ઞાન સાહિત્યના પિતા પણ કહેવામાં આવે છે. જો આજે આપણે આપણી વાયરલેસ દુનિયામાંથી ટી.વી, રેડિયો અને મોબાઈલ ફોનને કાઢી નાખીએ તો દુનિયા શું હાલતમાં હોત તેવી કલ્પનાથી પણ આપણને એક ધ્રુજારી છૂટી જાય એવું કહેવું ખોટું નહીં હોય. આ વાયરલેસ દુનિયા આપણને આ મહાન ભારતીય વ્યક્તિત્વ અને મહાન અને ઉમદા વૈજ્ઞાનિક આચાર્ય જગદીશચંદ્ર બોઝે ભેટમાં આપી હતી.



વાયરલેસ કોમ્યુનિકેશનનો અર્થ છે કોઈપણ ભૌતિક જોડાણ વિના માહિતી અને વાણી મોકલવી અને પ્રાપ્ત કરવી. કબૂતરોથી શરૂ થયેલો સંદેશાવ્યવહાર ૧૮૫૦માં ટેલિગ્રાફ સાથે સમાપ્ત થયો. પરંતુ વાયરને કારણે ટેલિગ્રાફની પહોંચ મર્યાદિત હતી. વિશ્વભરના કેટલાક વૈજ્ઞાનિકોએ આ મર્યાદાને તોડવા માટે રેડિયો તરંગો અને વાયરલેસ ટેક્નોલોજી પર સંશોધન કરવાનું શરૂ કર્યું. આ સંશોધનમાં શ્રેષ્ઠ જગદીશચંદ્ર બોઝ હતા.

બોઝનો જન્મ ૧૮૫૮મા બંગાળના મુનશી ગંજમાં થયો હતો. જે હવે બાંગ્લાદેશનો એક ભાગ છે. તેઓ બાળપણથી જ જિજ્ઞાસુ દ્રષ્ટિકોણ ધરાવતા હતા. તેઓ ડૉક્ટર બનવા લંડન ગયા, પરંતુ બિમાર પડવાને કારણે તેમણે ડૉક્ટરનું ભણવાનું છોડી ભૌતિકશાસ્ત્ર પસંદ કર્યું. તેમણે કેમ્બ્રિજ અને લંડન યુનિવર્સિટીમાંથી બી.એસ.સી. અને ડોક્ટરેટ પૂર્ણ કર્યું હતું. ૧૮૮૫માં કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે નિયુક્ત થયા હતા.

૧૮૯૦ની આસપાસ હર્ટ્ઝ અને લોજ જેવા વૈજ્ઞાનિકો મેક્સવેલના વાયરલેસ રેડિયેશન સિદ્ધાંતને પ્રોત્સાહન આપી રહ્યા હતા. ટેસ્લા, માર્કોની અને બ્રાઉન જેવા વૈજ્ઞાનિકો આ સિદ્ધાંતો વાંચીને વિશ્વનો પ્રથમ રેડિયો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. બોઝે પણ આ સિદ્ધાંતો વાંચ્યા અને એક ખાસ વાયરલેસ રીસીવરની શોધ કરી. જેને મર્ક્યુરી કોહેરર કહેવામાં આવતું હતું. આ કોન્ટ્રાપ્શનમાં કાચની શીશીની અંદર, પારાની ઉપર તરતા તેલનો એક સ્તર મેટલ ડિસ્ક સાથે જોડાયેલ હોય છે. આ ડિસ્ક ઈલેક્ટ્રિક વાયર સાથે જોડાયેલું હોય છે અને તેના દ્વારા ઈનકમિંગ વાયરલેસ સિગ્નલ મેળવી શકાય છે.


યુરોપીયન વિજ્ઞાનીઓ તેમની શોધને પેટન્ટ કરાવશે

અને નફો કમાવવા વિશે વિચારશે, પરંતુ બોઝે કોઈપણ વિગતો છુપાવ્યા વિના તેમની શોધ દરેકને પહોંચતી કરી. માર્કોનીએ કોહરરની નકલ કરી અને વિશ્વના પ્રથમ ટ્રાન્સ એટલાન્ટિક રેડિયોની શોધ કરી અને તેને નોબેલ પુરસ્કાર મળ્યો. આ પેટન્ટમાં બોસનો એક પણ ઉલ્લેખ નથી, પરંતુ આ વાત બોઝને અસર કરી શક્યું નહીં, અને તેમણે તેમનું સંશોધન ચાલુ રાખ્યું અને વાયરલેસ ક્ષેત્રમાં ઘણી વધુ શોધો કરી.

બોઝ માનતા હતા કે મૂળ વાયરલેસ કોમ્યુનિકેશન પ્રકૃતિમાં રહેલા છોડ વચ્ચે પણ અસ્તિત્વ ધરાવે છે. થોડા સમય પછી તેમણે છોડ વચ્ચેના સંચારના રહસ્યને ઉકેલવા માટે પોતાનો સમય સમર્પિત કર્યો. તે સમયના વૈજ્ઞાનિકો માનતા હતા કે છોડ જીવંત છે પરંતુ તેઓ માનતા ન હતા કે તેઓ એકબીજા સાથે વાતચીત કરે છે, પરંતુ બોઝ માનતા હતા કે છોડ માણસોની જેમ એકબીજા સાથે વાતચીત કરે છે.

આ સાબિત કરવા માટે તેમણે ક્રેસ્કોગ્રાફની શોધ કરી. આ ઉપકરણ વડે, તે છોડની ટોચ અથવા મૂળમાંથી 'ઉત્તેજના પ્રાપ્ત પ્રતિક્રિયાના ફોટા' ને ૧૦૦ અથવા ૧૦૦૦ ઘણાં વધારી શકે તે, આમ છોડના વિકાસનો સંપૂર્ણ રેકોર્ડ બનાવી શકે છે. તેમણે બે છોડ લીધા. તે છોડમાંથી એક છોડને કુદરતી રીતે ઉછેરવા દીધો અને બીજા છોડમાં રસાયણ નાખીને અવરોધ પેદા કર્યો પછી તેમની પ્રતિક્રિયા ક્રેસ્કોગ્રાફ પર રેકોર્ડ કરી. જે છોડને કુદરતી વાતાવરણમાં રાખ્યો હતો તે વધતો ગયો હતો, અને બીજો એક છોડ સુકાઈ જવા લાગ્યો, જે બોઝના સંશોધનને સાબિત કરે છે. કદાચ એક સામાન્ય વૈજ્ઞાનિક એક-બે વસ્તુઓની શોધ કર્યા પછી સંતુષ્ટ થઈ જાય, પરંતુ બોઝ પાસે રોકવાની કોઈ યોજના નહોતી. તેમણે તેમના મૃત્યુ પહેલાં ૧૯૩૭માં ક્રિસ્ટલ ડિટેક્ટર, ક્રિસ્ટલ રેડિયો અને મિલીમીટર રેડિયો વેવ જેવી ઘણી વસ્તુઓની શોધ કરી મિલીમીટર રેડિયો વેવ એટલે અત્યંત ઉચ્ચ-આવર્તન રેડિયો તરંગ. આ તરંગો ઘણા ક્ષેત્રોમાં લાગુ કરી શકાય છે. જેમ કે એસ્ટ્રોનોમી, મિલીટરી, મેડિસિન અને એન્જિનીયરીંગ. આજના નવીનતમ 5G મોબાઈલ ફોન પણ મિલીમીટર-રેડિયો વેવ પર આધારિત રહીને કાર્ય કરે છે. ✣✣✣


**જ્યોતિપુંજ : દર મહિનાની ૨૧ તારીખે જ્યોતિપુંજ જી.પી.ઓ. પોસ્ટ ઓફિસ (વીટી) દ્વારા તમારા સરનામે પોસ્ટ કરાય છે. તેમજ ઓનલાઈન WWW.BALASINOR.ORG પર અપલોડ કરાય છે. જેથી તમે તમારા કોમ્પ્યુટર પર પણ જ્યોતિપુંજ વાંચી શકો છો. જ્યોતિપુંજ ન મળતાં હોય તો તમે તમારું નામ, સરનામું એકવાર ચેક કરાવવા માટે મંત્રી શ્રી અલ્પેશ ધારીયા (WhatsApp No. 9930399100) પર સંપર્ક કરવો. સરનામું બદલાયું હોય તો લેટરની બે કોપી લખીને તેમને જ મોકલાવો. પ્રેસ થી જી.પી.ઓ. પોસ્ટીંગ સુધી અમે પૂરેપૂરી તકેદારી રાખીએ છીએ. માટે તમે તમારા એરિયાની પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરો, ફરિયાદ કરો. જ્યોતિપુંજ દર મહિને સમયસર બરાબર મળે તે માટે તમે કોશિશ કરો. પોસ્ટ કરેલ જ્યોતિપુંજ ન મળતા હોય તો તે માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સભ્યો કે જ્યોતિપુંજના મંત્રી તથા તંત્રી તેમજ તંત્રી મંડળના સભ્યો જવાબદાર રહેતા નથી તેની સર્વેએ નોંધ લેવી.**




અહીં દોરેલા પોલો રમતના ચિત્ર ફરીવાર
ડ્રોઈંગ પેપર પર દોરો અને તેમાં મન ગમતા રંગ પૂરો

# મોહે રંગ દે

## એલિફન્ટ પોલો



## હોર્સ પોલો



# ભુલાઇ ગયેલી ભારતની સંસ્કૃતિ

✍ તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

## એક રાજમહેલમાં વૈદિક ઘડિયાળ, નામના અર્થ સાથે




૧.૦૦ વાગ્યાના સ્થાન પર **ब्रह्म** લખેલું છે જેનો અર્થ થાય છે;
બ્રહ્મ એક જ છે બે નથી.

૨.૦૦ વાગ્યાના સ્થાને **अश्विनौ** લખેલું છે જેનો અર્થ થાય છે;
અશ્વિની કુમારો બે છે.

૩.૦૦ વાગ્યાના સ્થાને **त्रिगुणा** : લખેલું છે જેનો અર્થ થાય ત્રણ પ્રકારના ગુણો;
સત્વ, રજસ્ અને તમસ્

૪.૦૦ વાગ્યાના સ્થાને **चतुर्वेदा**: લખેલું છે જેનો અર્થ થાય વેદો ચાર છે;
ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ

૫.૦૦ વાગ્યાના સ્થાને **पंचप्राणा**: લખેલું છે જેનો અર્થ થાય પાંચ પ્રકારના પ્રાણ છે ;
પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન

૬.૦૦ વાગ્યાના સ્થાને લખેલું છે **षड्रसा**: એનો અર્થ થાય કે રસ છ પ્રકારના છે
મધુર, ખાટો, ખારો, કડવો, તીખો, તૂરો

૭.૦૦ વાગ્યાના સ્થાને લખેલું છે **सप्तर्षिय**: તેનો અર્થ થાય સાત ઋષિ છે.
કશ્યપ, અત્રી, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વસિષ્ઠ

૮.૦૦ વાગ્યાના સ્થાને લખેલું છે **अष्टसिद्धि**: જેનો અર્થ થાય આઠ પ્રકારની સિદ્ધિ છે;
અણીમા, મહિમા, દધીમા, ગરીમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ

૯.૦૦ વાગ્યાના સ્થાને લખેલું છે **नव द्रव्याणी** : જેનો અર્થ થાય નવ પ્રકારની નિધિઓ હોય છે;
પદ્મા, મહાપદ્મ, નીલ, શંખ, મુકુંદ, નંદ, મકર, કશ્યપ અને ખર્વ

૧૦.૦૦ વાગ્યાના સ્થાને લખેલું છે **दशदिश**: જેનો અર્થ થાય દશ દિશાઓ;
પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, આકાશ અને પાતાળ

૧૧.૦૦ ના સ્થાને લખેલું છે **रुद्रा**: જેનો અર્થ થાય રુદ્રા અગિયાર છે;
કપાલી, પિંગલ, ભીમ, વિરુપાક્ષ, વલોહિત, શાસ્તા, અજપાદ, અહિર્બુધ્ન્ય, ચંડ, ભવ.

૧૨.૦૦ વાગ્યાને સ્થાને લખેલું છે **आदित्या**: જેનો અર્થ થાય છે આદિત્યો બાર છે.
અંશુમાન, આર્યમાન, ઈંદ્ર, ત્વષ્ટા, ધાતુ, પર્જન્ય, પૂષા, ભગ, મિત્ર, વરુણ, વિવસ્વાન, વિષ્ણુ


## બાલાસિનોર નાગરિક સહકારી બેન્ક લિ.

**'સહકારભવન', ખારા કૂવા પાસે, બાલાસિનોર, જી. મહીસાગર (ગુજરાત) - ફોન નંબર : ૦૨૬૯૦-૨૬૬૦૫૮ / ૨૬૬૧૩૧**

સન્માનીય,

લોકર્સ ધારકો અમારી બેન્કમાં લોકર્સ ધરાવે છે, તે અનુસાર સદર લોકર્સ ધારકોએ તેમના KYC દસ્તાવેજ તેમજ ભાડાની રકમ બેન્કમાં જમા કરાવેલ નથી. તેમજ સદર લોકર્સ ધારકોએ બેન્કમાં પોતાનું લોકર્સ ઘણા વર્ષોથી ઓપરેટ કરાવેલ નથી તો રીઝર્વ બેન્ક ઓફી ઈન્ડીયાની ગાઈડલાઈન અનુસાર બેન્કમાં તેમના લોકર્સ નિયમિત કરવા તમોને જાણ કરવામાં આવે છે.

આપના સહકારની અપેક્ષાએ આપણા બેન્કના લોકર્સ નિયમિત કરવા વિનંતી છે.

**સંચાલક મંડળના આદેશથી - બાલાસિનોર નાગરિક સહકારી બેન્ક લિ.**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસમાં) ઓક્ટોબર માહે ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફીજીયોથેરાપી, તેમજ ઈમરજન્સીમાં કુલ ૫૨૫૩ દર્દીઓએ એક્ષ રે વિભાગમાં ૨૪૮ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૪૯૦ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૪ માઈનરો ૧૨, ગાયનેકના મેજર ઓપરેશન ૨૮ તથા માઈનોર૦૨ તથા ઈએનટી માઈનોર ૨૧ તેમજ આંખના મેજર ૭૩ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૬,૧૯,૩૩૭/-ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૪૨,૩૮૦/- ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સ રે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૫૯૬૩૦/- ની માફી મળી કુલ ૭,૨૧,૩૪૭/- માફી કરવામાં આવેલ છે. જે તે વિભાગના દાતાશ્રીઓનો આભાર.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧. **શ્રીમતી કોકીલાબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ (લાકડાવાળા) ડાયાબિટીસ નિદાન કેમ્પ :** તા. ૨-૧૦-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ. કુલ ૬૩ દર્દીઓ નોંધાયેલા. જે પૈકી દરેક દર્દીઓને દસ દિવસની રૂા. ૮૮૩૦/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ તથા દરેક દર્દીઓના પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ખ્યાતનામ ફિઝીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી તથા તેઓની ડૉક્ટરોની ટીમ, ડૉ. વિરલ પટેલ તથા ડૉ. જયપ્રકાશ પટેલે સેવાઓ આપેલ.

૨. **કુસુમબેન કીર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૪-૧૦-૨૦૨૨ના રોજ ૪૯ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૩. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૬-૧૦-૨૦૨૨ના રોજ ૪૧ મળી કુલ ૮૬ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

૪. **શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) માનસિક રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૫-૧૧-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૪૧ દર્દીઓનું ફ્રી નિદાન કરી જરૂરીયાતવાળા દર્દીઓને રૂા. ૧૨૧૪૪/-ની દવા ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ડૉ. અમિત શાહે સેવાઓ આપેલ.

૫. **શ્રી લાયન્સ કલબ ઓફ ધોબી તલાવ, મુંબઈ ચામડીના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૫-૧૧-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૯૪ દર્દીઓનું ફ્રી નિદાન કરવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના ડૉ. વિવેક પટેલે સેવાઓ આપેલ.

૬. હાડકાના રોગોનો નિદાન કેમ્પ : તા. ૧૫-૧૧-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૪૧ દર્દીઓનું ફ્રી નિદાન કરવામાં આવેલ. આ કેમ્પમાં ગોધરાના ડૉ. જયેશ પટેલે સેવાઓ આપેલ.

૭. **શ્રીમતી મંજુલાબેન અને જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) કાન, નાક, ગળાના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૬-૧૧-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૫ દર્દીઓનું ફ્રી નિદાન કરવામાં આવેલ. આણંદના ડૉ. નૈમેષ પંચાલે સેવાઓ આપેલ.

૮. **શ્રીમતી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પ :** તા. ૧૩-૧૧-૨૦૨૨ના રોજ લાયન્સ કલબ ઓફ બાલાસિનોર દ્વારા કે.એમ.જી. જનરલ હોસ્પિટલના સહકારથી યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૧ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. આ કેમ્પમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી બ્લડ બેંક, લુણાવાડાનો સહયોગ મળેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર**માં માહે ઓક્ટો. ૨૦૨૨ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૪૬૦ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૧૯૨ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૦૩૨ દર્દીઓએ તેમજ સીટી સ્કેન વિભાગમાં ૬૩ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૧૦૩૮૦/- ની દવા માફી, તથા ઈન્ડોર રૂા. ૮૩૦૦/- મળીને કુલ રૂા. ૧૮૬૮૦/- ની માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની મા યોજના હેઠળ ૨૧૮ દર્દીઓએ લાભ લીધેલ છે.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન માટે દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર**

૧. **શ્રી શરદભાઈ જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) (યુ.એસ.એ.)** તરફથી નવા આઈ ઓપેરશન થીયેટર માટે **રૂપિયા દોઢ કરોડનું માતબર દાન** જાહેર કરેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

૨. **હેમલતાબેન ગોપાલભાઈ કડકીઆ તરફથી સ્વ. ગોપાલભાઈ ચીમનલાલ કડકીઆ (ઓટલાવાળા)** ની સ્મૃતિમાં તેમજ આઈસીયુ માટે રૂા. ૧૪૧૦૦૦/- તથા રૂા. ૧૫૦૦૧/- મળી કુલ રૂા. ૧૫૬૦૦૧/- નું દાન આગળ મળી ગયેલ છે જે શરતચૂકથી છાપવામાં આવ્યું નથી તો દાતાશ્રીને ક્ષમા તથા આભાર.

**નોંધ : આ વર્ષના વાર્ષિક સન્માન સમારંભ તા. ૨૬-૨-૨૦૨૨ ને રવિવારના રોજ યોજવામાં આવ્યો છે. સર્વેને હાજરી પુરાવવા આમંત્રણ અને વિનંતી છે.**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ ચાલુ થઈ ગયેલ છે.

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

અમે જતાંને **આવજો** કહીએ
અમે ખારાંને **મીઠું** કહીએ
**તારી ભલી થાય** એમ કહીને અમે
ગુસ્સામાં પણ ભલું ઈચ્છીએ,
**ભલા માણહ** કહીને અમે અણગમો બતાવીએ
પણ કહી એ તો 'ભલો' જ,
**ફરી મળીએ** કહીને છુટ્ટા પડતી વખતે પણ
ફરી મળવાની આશા જગાવીએ,
**બહુ ડાહ્યો** એમ કહીને અમે મહેણું મારીએ પણ
કહીએ તો 'ડાહ્યો' જ
**ખરો છે બાકી તું** એમ કહીને એમે ખોટાંને પણ
'ખરો' સંબોધીએ,
આવી **માં** સમાન મીઠીડી મારી
**ગુજરાતી ભાષા** પર મને ગર્વ છે.
આ માત્ર ભાષા નથી, મારી માતૃભાષા છે.
**મને અંગ્રેજી ઓછું આવડે છે**
**એનો અફસોસ નથી પણ**
**ગુજરાતી સારું આવડે છે એનો ગર્વ છે.**

✍ **શિરીષભાઈ પરીખ (ચા ગરમ)**




NIRAV Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com


## પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

❖ **શ્રી દિવ્યેશ નટવરલાલ દેસાઈ**
'ઈમ્પીરીયા', ૧૦ મે માળે, ફ્લેટ નં.૧૦૦૧,
૧૪૧ તારદેવ રોડ, વાડિયા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૩૪
દિવ્યેશ : ૯૮૩૩૩૫૫૪૫૯
ભાવના : ૯૮૬૯૬૫૩૧૪૮

❖ **શ્રી વસંતભાઈ શાંતીલાલ પરીખ (કુવાવાળા)**
હનુમાન શરણ, ૬ ઠ્ઠે માળે, ફ્લેટ નં.૩૦,
બોમનજી પેટીટ રોડ, પારસી જનરલ હોસ્પિટલ પાસે,
મુંબઈ - ૪૦૦૦૩૬, મોબાઈલ : ૯૩૨૪૬૨૩૩૬૧

❖ **શ્રી રાજન એન. મોદી**
૭૦૧, દોશી મેન્શન, એમ.જી. ક્રોસ રોડ નં.-૩
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
મોબાઈલ : ૯૮૬૯૩૦૬૦૦૧

❖ **શ્રી અજય પરીખ**
૫૦૩, સરયૂ એપાર્ટમેન્ટ, બોમ્બે અડ્ડાની સામે,
આઈસીઆઈસી બેંકની બાજુમાં, લિંક રોડ,
સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૪
મોબાઈલ : ૯૩૨૨૮૭૫૧૯૯

❖ **શ્રી પી.સી. કડકીઆ**
D-૪૦૨, વસંત ઐશ્વર્યા સોસાયટી, વોરા કોલોની,
એક્સપ્લેન્ડ સ્કુલની સામે, મથુરાદાસ એક્ષટેન્શન રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

❖ **શ્રી સુનીલ મહેતા**
ડી-૧૦૩, શાંગ્રીલા લકઝરી એપાર્ટમેન્ટ,
ગોરવા લેકની સામે, ગોરવા, **વડોદરા - ૩૯૦૦૦૩**
**મોબાઈલ : સુનીલ - ૭૦૦૩૭૩૨૦૨૧**
**નીલા - ૭૦૦૩૯૦૪૩૯૪**

❖ **શ્રી સુનીલ નવીનચંદ્ર મોદી**
૧૫૦૧-એ, લોટસ પ્રેસ્ટિજ, ભટ્ટ લેન,
પોઈસર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

❖ **શ્રી કરણ ગાંધી**
૧૮૦૪/એ વિંગ, લોટસ એન્પાર રેસિડન્સી,
હનુમાન ગલી, લોઢા વર્લ્ડ ટાવરની પાછળ,
નારાયણ પથ રોડ, પ્રકાશ કોટન મિલની સામે,
લોઅર પરેલ

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ કિરીટ નટવરલાલ ગાંધી | ..... |
| ❖ કુસુમબેન વલ્લભદાસ મોદી | ..... |
| ❖ સ્નેહલત્તા રસિકલાલ પરીખ | ૯૦ |


**પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month
44
JYOTI PUNJ - December - 2022
WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH
RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE. AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.